Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-30 | March – April 2018

# ગ્રામ પંચાયતની આવક-ખર્ચનો અભ્યાસ

## (ગુજરાત રાજ્યને ધ્યાનમાં રાખીને )

**પ્રસ્તવના**

2011ની વસ્તી ગણતરી અનુસાર ભારતની કુલ વસ્તીના 68.84 ટકા વસ્તી ગામડામાં વસે છે. આ પ્રમાણ 2001માં 72.19 ટકા હતું, જે 12.2 ટકાનો ઘટાડો દર્શાવે છે. ગુજરાતમાં આ પ્રમાણ 2001ના 63 ટકાથી ઘટીને 57 ટકા થયું, જે શહેરીકરણનો 35.83 ટકા દર સૂચવે છે. (વસ્તીગણતરી હેવાલ, 2011) શહેરીકરણના વધતા પ્રમાણ છતાં ભારતમાં ગામડાંના મહત્વને નકારી શકાય એવું નથી. દેશમાં ગ્રામીણ એકમોમાં ગયા દશકમાં 2279 જેટલો વધારો થયો છે. આ સાથે 2011 ગ્રામીણ એકમોની સંખ્યા 640,867 થઇ છે. આ પરિસ્થિતિમાં ગ્રામપંચાયતની અસરકારક કામગીરી અત્યંત મહત્વની બની રહે છે.

મોગલ સમય દરમ્યાન ગામડાઓમાં તેમની પંચાયત દ્વારા શાસન ચાલતું હતું. શેરશાહના સમયમાં પ્રત્યેક પંચાયત ગામના વડીલોની બનેલી હતી. આ વડીલો લોકોના હિતની જાળવણી કરતા અને જરૂર જણાયે દંડ પણ કરતા. ગામનો મુખી ગ્રામ પંચાયત અને ઉપરના સ્તરના શાસન વચ્ચે સંકલનનું કામ કરતો (Ghosh Rathna, Pramanik Alok Kumar, 1999, op. cit, pp.209 – 210 ) અકબરે પણ આ વ્યવસ્થા સ્વીકારી અને તેને મુલ્કી શાસનનું ફરજિયાત અંગ બનાવ્યું. આ પંચાયત સ્થાનિક કર, વહીવટી નિયંત્રણ, ન્યાય અને દંડની સત્તા ધરાવતી હતી. મોગલોએ મહેસુલના ક્ષેત્રમાં નોંધપાત્ર સુધારા દાખલ કર્યા. આ વ્યવસ્થા લાંબો સમય ટકી. પરંતુ મોગલોના પતનની સાથે ભારતમાં અંગ્રેજ વ્યવસ્થાનું પ્રભુત્વ સ્થપાયું.

ભારતમાં અંગ્રજ શાસનના આગમનના સમયે ગ્રામીણ પ્રજાસત્તાક ઘણાં વિકસેલા હતા. પરંતુ અંગ્રેજ શાસનના કારણે ગ્રામ પંચાયતોનું ભાવી ધૂંધળું બન્યું. અલબત્ત, ૧૯૦૭નાં રોયલ કમિશને વિકેન્દ્રીકરણની નોંધ જરૂર લીધી. 1896 તથા 1897માં સ્થાનિક સ્વરાજ અંગે ઠરાવ થયા પરંતુ તેમાં ગામડાનો સમાવેશ કરાયો ન હતો. (વૈષ્ણવ, બિપિનચંદ્ર. ૨૦૦૭.) અંગ્રેજ સમયમાં 1802માં મુંબઈ પ્રદેશમાં પંચાયતને ન્યાયનો વહીવટ અપાવાનો પ્રયાસ થયો, જેમાં 1827માં સુધારો થયા. આ પદ્ધતિ નિષ્ફળ જતા તેને 1861માં નાબૂદ કરાઈ. 1882માં લોર્ડ રિપને કરેલા ઠરાવના કારણે .સ્થાનિક સ્વરાજની સંસ્થાની સ્થાપના અને અધિકારના વિચારે ગતિ પકડી. 1918થી પ્રાંતિક સ્વાયત્તતાની ભલામણ કરવામાં આવી અને 1919થી તે રાજ્યનો વિષય બન્યો. અત્યારે ગ્રામ પંચાયત સ્વાયત્ત સંસ્થા તરીકે ઓળખાય છે. પંચાયત વિભાગ પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસને લગતી બાબતો અંગે નીતિ વિષયક નિર્ણયો લે છે, અને માર્ગદર્શન અને હુકમોના સ્વરુપે આદેશો બહાર પાડે છે. આ રીતે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સલાહ, સૂચન, દેખરેખ અને નિયંત્રણની કામગીરી કરે છે. ગુજરતમાં 03/03/૨૦૧૨ના રોજ નીચે મુજબની સ્થતિ જોવા મળે છે.

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| 1 | જિલ્લાઓ | 26 |
| 2 | તાલુકાઓ | 224 |
| 3 | ગ્રામપંચાયતો | 13,695 |
| 4 | ગામો | 18,584 |

સ્રોત: પંચાયત વિભાગ, http://panchayat.gujarat.gov.in. મેળવ્યા તારીખ: 03/03/૨૦૧૨

**સંશોધન પદ્ધતિ અને અભ્યાસ ક્ષેત્રની પસંદગી**

પ્રસ્તુત અભ્યાસ પંચાયતી રાજની એક સંસ્થા તરીકે ગ્રામપંચાયતોના આવકના સ્રોત અને ખર્ચની ત્રીજા ગુજરાત રાજ્ય નાણાં પંચે દ્વરા સમતા અને વિકાસ સંસ્થાન, ગૂજરાત વિદ્યાપીઠને સોપવામાં આવેલી કામગીરી દરમ્યન પ્રાપ્ય કરેલી વિગતોને આધારે ગુજરાત રાજ્યના પ્રાદેશિક વિભગો પ્રમાણે ગુજરાત રાજ્યની પંચાયતોની આવકના સ્રોત અને ખર્ચની તરેહ જાણવા માટે કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતને **મધ્ય ગુજરાત, સોરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને કચ્છ** એમ પાંચ વિભાગમાં વિભાજીત કરીને દરેક વિભાગના પ્રત્યેક જિલ્લામાંથી બે તાલુકા પસંદ કરીને પ્રત્યેક તાલુકાના બે ગામ, એમ કુલ 102 ગામનો અભ્યાસ કરવામાં આવ્યો છે. અનુસૂચિની મદદથી પસંદ કરેલા ગામોની માહિતી પ્રાપ્ત કરી મેળવેલ માહિતીને Exelની મદદથી કોષ્ટકની રચના કરવામાં આવી છે, જેના આધારે મેળવેલ તારણો રજૂ કરાયા છે. આ તારણો તેમ જ અભ્યાસ ગ્રામપંચાયતના સભ્યો તેમ જ તલાટી-કમ-મંત્રીની મુલાકાત દરમિયાન થયેલી વાતચીતના આધારે રજુ કરવામાં આવ્યા છે.

કોલગી સમિતિના હેવાલના આધારે તાલુકાની પસંદગી કરવામાં આવી છે. આ હેવાલમાં ગુજરાતના 225 તાલુકાને સંયુક્ત મૂલ્યના આધારે ક્રમ આપવામાં આવ્યા હતા. આ ક્રમના આધારે ગુજરાતના દરેક જિલ્લાનો ઉપરના ક્રમનો તાલુકો અને નીચેના ક્રમનો તાલુકો - એમ બે તાલુકાની પસંદગી કરવામાં આવી છે. જે મુજબ ગુજરાતના 51 તાલુકાની પસંદગી કરવામાં આવી છે.

**ગામની પસંદગીની પદ્ધતિ:**

પસંદ કરેલા તાલુકાના બધા જ ગામની 2001ની વસ્તીના આધારે ગામની પસંદગી કરવામાં આવી છે. સૌ પ્રથમ શૂન્ય વસ્તીવાળા ગામોને પસંદગી પ્રક્રિયામાંથી બાહર કાઢવામાં આવ્યા. બધા જ ગામની કુલ વસ્તીની સરેરાશ વસ્તી મેળવવામાં આવી ત્યાર બાદ બધા જ ગામની કુલ વસ્તીનું પ્રમાણિત વિચલન કાઢવામાં આવ્યું સરેરાશ વસ્તીમાંથી પ્રમાણિત વિચલને બાદ કરતા જે રકમ મળી તેનાં કરતા નીચેની વસ્તીવાળા ગામોને પસંદગી પ્રક્રિયામાંથી બહાર કાઢવામાં આવ્યા સરેરાશ વસ્તીમાં પ્રમાણિત વિચલનનો ઉમેરો કરતા જે રકમ મળી તેનાં કરતા ઉપરની વસ્તીવાળા ગામોને પસંદગી પ્રક્રિયામાંથી બહાર કાઢવામાં આવ્યા. બાકી રહેલ ગામની કુલ વસ્તીની સરેરાશ વસ્તી મેળવવામાં આવી સરેરાશ વસ્તીની નજીકના બે ગામની પસંદગી કરવામાં આવી

**માહિતી એકત્રીકરણ:**

ગ્રામપંચાયતના આવક અને ખર્ચની માહિતી મેળવવાના હેતુથી એક અનુસૂચિ બનાવવામાં આવી, જેમાં ગામની વસ્તીવિષયક માહિતી, આંતરમાળખાકીય વિગતો, ગ્રામપંચાયતના આવકના સ્ત્રોત, તેની ખર્ચની તરેહ ઉપરાંત ગામ વિશેની ઐતિહાસિક માહિતી મેળવવા માટે જરૂરી પ્રશ્નોનો સમાવેશ કરાયો. જેને ગામમાં જઈને ભરવામાં આવી

**વર્ગીકરણ અને કોષ્ટકરચના**

એકત્રિત માહિતીને Exelની મદદથી વર્ગીકૃત કરી, ત્યાર બાદ અભ્યાસના હેતુ અનુસાર આ માહિતીને વિવિધ કોષ્ટકમાં રજૂ કરાઈ, જેના આધારે તારણો મેળવવામાં આવ્યા છે.

**ગ્રામપંચાયતની આવકના સ્રોત અને તેમનું વિશ્લેષણ**

ગ્રામ પંચાયતની આવકોને બે વિભાગોમાં વિભાજીત કરીને અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

(૧) પંચાયતની પોતાની આવકો જેમાં મકાન વેરો,સામાન્ય પાણી વેરો; ખાસ પાણી વેરો; વ્યક્તિગત ટાંકીઓ પર નખાયેલ વેરો; સફાઈ વેરો; ખાસ સફાઈ વેરો; ખાળકુઈ વેરો; જાજરૂ વેરો; દિવાબત્તી વેરો; મેળા, પર્વ તથા બીજા મનોરંજન પરના કર; ગામમાં ઉપયોગ માટે રાખવામાં આવેલા વાહનો, હોડીઓ, પ્રાણીઓ પરના કર; રહેલા વાહનો અને પ્રાણીઓ પરના કર; વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર પરનો કર; ગટર વેરો; ગામ તળ કે સીમમાં આવેલા કારખાના પરનો વેરો,જમીન મહેસુલઉપ કર, જિલ્લા વિકાસ નિધિમાંથી વિકાસ કામ માટે લોન

(૨) સરકારી અનુદાનો અને સહાય જેમાં જમીન મહેસુલની વસૂલાત પ્રમાણે ગ્રાન્ટ, વન વિસ્તારમાં જમીનની ગ્રાન્ટ, અન્ય અનુદાનો જેવા કે પાણી માટે, સમરસ પંચાયત માટે, જવાહર રોજગાર યોજના જેવી યોજના માટે મળતી ગ્રાન્ટ.

- **ગ્રામપંચાયતની પોતાની આવકો**

કોષ્ટક ૧. ગ્રામપંચાયતોનું સ્વયં ભંડોળ રૂ.માં (ટકામાં)

| પ્રદેશિક વિભાગ | 2007-08 | 2008-9 | 2009-10 | 2010-11 | 2011-12 |
|---|---|---|---|---|---|
| મધ્ય ગુજરાત | 458943.04 (38.20) | 318155.28 (22.70) | 388037.52 (17.85) | 543513.12 (25.51) | 547846.17 (26.78) |
| સોરાષ્ટ્ર | 302423.04 (25.17) | 240860.00 (17.19) | 323650.46 (14.89) | 488556.25 (22.93) | 414195.60 (20.25) |
| દક્ષિણ ગુજરાત | 114794.21 (9.55) | 131423.44 (9.38) | 185974.82 (8.56) | 209159.75 (9.82) | 189292.17 (9.25) |
| ઉત્તર ગુજરાત | 161114.92 (13.41) | 633512.26 (45.21) | 901802.80 (41.49) | 422379.18 (19.82) | 398871.58 (19.50) |
| કચ્છ | 164142.66 | 77318.50 | 374059.00 | 467280.75 | 495189.00 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | (13.66) | (5.52) | (17.21) | (21.93) | (24.21) |
| (ટકામાં) | (100.00) | (100.00) | (100.00) | (100.00) | (100.00) |

ઉપરની વિગતો જોતા તે સ્પષ્ટપણે જણાય છે, કે ઉતર ગુજરત અને મધ્ય ગુજરતની પંચાયતોની પોતાની આવકો દક્ષિણ ગુજરત અને કચ્છની પંચાયતો કરતાં વધારે જોવા મળે છે, ઉતર ગુજરત અને મધ્ય ગુજરતની પંચાયતોની પોતાની આવકો મેળવવાની અને પંચાયતોને વધારે મજબુત બનતી જણાય છે,ખાસ કરીને દક્ષિણ ગુજરાતની પંચાયતોને પોતાની આવકો મેળવવામાં કોઈ સફળતા મળતી હોય તેવું જણાતું નથી, કચ્છની પંચાયતો ૨૦૧૦ પછી તેમાં થોડી સફળ થતી જણાય છે.

જો વાર્ષિક સરેરસની દ્રષ્ટિએ જોઈ તો ઉતર ગુજરાત 503536.15રૂપિયા સાથે સૌથી વધુ ત્યાર બાદ બીજા ક્રમે મધ્ય ગુજરાત 451299.03 જેટલું ત્યાર બાદ સોરાષ્ટ્ર અને કચ્છ અનુક્રમે 353937.07 અને 315597.98 સૌથી ઓછી દક્ષિણ ગુજરાતની પંચાયતોમાં પોતાની આવકો મેળવે છે.

- **ગ્રામપંચાયતને મળતી સરકારી સહાય**

કોષ્ટક ૨ . ગ્રામપંચાયતોને મળતી સરકારી સહાય રૂ.માં (ટકામાં)

| પ્રદેશિક વિભાગ | 2007-08 | 2008-9 | 2009-10 | 2010-11 | 2011-12 |
|---|---|---|---|---|---|
| મધ્ય ગુજરાત | 486824.81 (23.34) | 622877.05 (24.49) | 545673.09 (19.83) | 700489.55 (16.07) | 683420.11 (20.47) |
| સોરાષ્ટ્ર | 335567.50 (16.09) | 248023.35 (9.75) | 335739.38 (12.20) | 386225.56 (8.86) | 405564.84 (12.15) |
| દક્ષિણ ગુજરાત | 591677.77 (28.37) | 752857.75 (29.60) | 1017883.48 (36.98) | 1404887.92 (32.23) | 355621.83 (10.65) |
| ઉતર ગુજરાત | 283902.13 (13.61) | 357159.87 (14.04 | 596468.14 (21.67) | 495091.06 (11.36) | 1490713.54 (44.65) |
| કચ્છ | 387664.80 (18.59) | 562501.00 (22.12 | 256394.00 (9.32) | 1372504.67 (31.49) | 403333.33 (12.08) |
| (ટકામાં) | (100.00) | (100.00) | (100.00) | (100.00) | (100.00) |

ઉપરની વિગતો જોતા તે સ્પષ્ટપણે જણાય છે, કે દક્ષિણ ગુજરાતમાં ૨૦૧૦ સુધી સરકારી સહાયનું પ્રમાણ સારા પ્રમાણમાં જોવા મળે છે.ત્યારબાદ તેમાં ઘટાડો થયલો જોવા મળે છે.ઉતર ગુજરાતની પંચાયતોમાં અનુ

પ્રમાણ ૨૦૧૧ પછી વધારે જોવા મળે છે.સોરાષ્ટ્રમાં અન્ય પ્રદેશની પંચાયતો કરતાં ઓછા પ્રમાણમાં સરકારી સહાય મળે છે.

જો વાર્ષિક સરેરસની દ્રષ્ટિએ જોઈ તો દક્ષિણ ગુજરાતની પંચાયતોમાં સરકારી સહાયનું પ્રમાણ સાથે સૌથી વધુ 824585.75 ત્યાર બાદ બીજા ક્રમે ઉતર ગુજરાત 644666.95 રૂપિયા જેટલું જોવા મળે છે, મધ્ય ગુજરાત આ પ્રમાણ 607856.92 છે, ત્યાર બાદ કચ્છ અને સોરાષ્ટ્ર અનુક્રમે 596479.96 અને 342224.13 સૌથી ઓછી સરકારી સહાય  મેળવે છે.

- **અન્ય આવકો અંગેન તારણો**

ગ્રામપંચાયતનો સૌથી મહત્વનો આવકનો સ્રોત ગ્રાન્ટ જોવા મળે છે, જેમાં જમીન મહેસુલ ગ્રાન્ટ, બાંધકામ ગ્રાન્ટ તેમ જ તાલુકા પંચાયતની ગ્રાન્ટનો સમાવેશ થાય છે. આ ગ્રાન્ટનો હિસ્સો ૩૦  ટકાથી પણ ઉપર છે. ગ્રામપંચાયતના પોતાની આવકમાં કર આવકનો હિસ્સો ૩૨ ટકા જેટલો છે, જેમાં મકાન વેરો મહત્વનો જણાય છે. એક મત અનુસાર જો મકાન વેરો યોગ્ય પધ્ધતિથી નક્કી કરી લેવામાં આવે તો ગ્રામપંચાયત માટે આવકનો મહત્વનો સ્રોત બને તેમ છે

**ગ્રામપંચાયતના ખર્ચનું વિશ્લેષણ**

ગ્રામપંચાયતને જાળવણી તેમ જ વિકાસની વિવિધ યોજનાઓ પાછળ ખર્ચ કરવો જરૂરી છે. પસંદ કરેલ ગ્રામપંચાયતો નીચે મુજબના ખર્ચ કરતી જોવા મળી છે.

સરપંચ-સભ્યોને મુસાફર, કર્મચારીઓનો પગાર, કર્મચારીઓનો મુસાફરી, તાર-ટપાલ દફતર, સામાજિક કાર્યક્રમ, ખેતીવાડીને લગતી યોજનાઓ, અન્ય યોજનાઓ ઉપરાંત અન્ય સ્થાનિક કામગીરીઓ પંચાયત કરે છે.

કોષ્ટક ૩ .  ગ્રામપંચાયતોનું ખર્ચ રૂ.માં (ટકામાં)

| પ્રદેશિક વિભાગ | 2007-08 | 2008-09 | 2009-10 | 2010-11 | 2011-12 |
|---|---|---|---|---|---|
| મધ્ય ગુજરાત | 262320.00 (20.93) | 290250.48 (25.28) | 293275.87 (24.38) | 496296.22 (22.55) | 513543.71 (24.50) |
| સોરાષ્ટ્ર | 575844.26 (45.95) | 416714.80 (36.30) | 332541.48 (27.64 | 484724.85 (22.03) | 569471.48 (27.16 |
| દક્ષિણ ગુજરાત | 102053.70 (8.14) | 181718.09 (15.83) | 169372.61 (14.08) | 157882.14 (7.17) | 109906.65 (5.24) |
| ઉત્તર ગુજરાત | 187813.47 (14.99) | 164720.71 (14.35) | 235019.88 (19.53) | 453166.12 (20.59) | 725880.92 (34.62) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કચ્છ | 125038 (9.98) | 94525.5 (8.23) | 172885.33 (14.37) | 608455.67 (27.65) | 177699.33 (8.48) |

આગળની ની વિગતો જોતા જણાય છે,કે દક્ષિણ ગુજરાતની પંચાયતો ખર્ચની બાબતમાં અન્ય વિસ્તારની પંચાયતો કરતાં પાછળ છે,કચ્છની પંચાયતોમાં પણ ૨૦૧૦-૧૧ના વર્ષને બાદ કરતાં કઈ જ વધારે ખર્ચ થતું હોય તેવું જણાતું નથી. ૨૦૦૭-૦૮થી ૨૦૦૯-૧૦ સુધી સોરાષ્ટ્રની પંચાયતોમાં ખર્ચનું 4પ્રમાણ વધારે જણાતું હતું વર્ષિક સરેરાસ દ્રષ્ટીએ જોઇએતો 475859.37 રૂપિયા સાથે સોરાષ્ટ્રની પંચાયતો સૌથી આગળ છે, ત્યાર બાદ મધ્ય ગુજરાતની પંચાયતો 371137.26જેટલું જ્યરે સૌથી ઓછું દક્ષિણ ગુજરાતની પંચાયતો 144186.64 જેટલું જોવા મળિયું હતું કચ્છની પંચાયતોનું વાર્ષિક સરેરાસ ખર્ચ પણ 235720.77 જેટલું નીચું જોવા મળ્યું હતું

- **અન્ય ખર્ચ અંગેન તારણો**

ગ્રામપંચાયતના ખર્ચમાં સૌથી વધુ ખર્ચ જાહેર બાંધકામ ખાતામાં કરવામાં આવતું હોય તેવું જોવા મળું હતું ખેતીવાડીને લગતી યોજનાઓ અને પશુ વિકાસ માટેની યોજના પછળ ગ્રામપંચાયતો ઓછો ખર્ચ કરે છે.

**આવક -ખર્ચ વિશ્લેષણ**

પંચાયતના આવકના સ્રોતો અને ખર્ચની તરેહ તપાસ્યા બાદ આવક અને ખર્ચનું વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે.

કોષ્ટક ૪ આવક ખર્ચ (રૂ.માં)

| પ્રદેશિક વિભાગ | વિગતો | 2007-08 | 2008-9 | 2009-10 | 2010-11 | 2011-12 |
|---|---|---|---|---|---|---|
| મધ્ય ગુજરાત | સરેરાશ આવક | 945767.85 | 941032.33 | 933710.61 | 1244002.67 | 1231266.28 |
| | સરેરાશ ખર્ચ | 262320.00 | 290250.48 | 293275.87 | 496296.22 | 513543.71 |
| | પુરાંત/ખાધ | **683447.85** | **650781.85** | **640434.74** | **747706.45** | **717722.57** |
| સોરાષ્ટ્ર | સરેરાશ આવક | 637990.54 | 488883.35 | 659389.84 | 874781.81 | 819760.44 |
| | સરેરાશ ખર્ચ | 575844.26 | 416714.80 | 332541.48 | 484724.85 | 569471.48 |
| | પુરાંત/ખાધ | **62146.28** | **72168.55** | **326848.36** | **390056.96** | **250288.96** |
| દક્ષિણ ગુજરાત | સરેરાશ આવક | 706471.98 | 884281.19 | 1203858.3 | 1614047.67 | 544914 |
| | સરેરાશ ખર્ચ | 102053.70 | 181718.09 | 169372.61 | 157882.14 | 109906.65 |
| | પુરાંત/ખાધ | **604418.28** | **702563.1** | **1034485.69** | **1456165.53** | **435007.35** |
| | સરેરાશ | 445017.05 | 990672.13 | 1498270.94 | 917470.24 | 1889585.12 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | આવક | | | | | |
| ઉત્તર ગુજરાત | સરેરાશ ખર્ચ | 187813.47 | 164720.71 | 235019.88 | 453166.12 | 725880.92 |
| | પુરાંત/ખાધ | **257203.58** | **825951.42** | **1263251.06** | **464304.12** | **1163704.2** |
| કચ્છ | સરેરાશ આવક | 551807.46 | 639819.5 | 630453 | 1839785.42 | 898522.33 |
| | સરેરાશ ખર્ચ | 125038 | 94525.50 | 172885.33 | 608455.67 | 177699.33 |
| | પુરાંત/ખાધ | **426769.46** | **545294** | **457567.67** | **1231329.75** | **720823** |

ઉપરની વિગતો તપાસતા એ જણવા મળેછે,કે બધાજ પ્રદેશિક વિભાગોમાં પંચાયતોને મળતી આવકોનો પૂરેપૂરો ઉપોયગ થતો નથી,બધીજ પંચાયતોમાં વપરાયા વગરની આવકો જોવા મળે છે.જો વાર્ષિક સરેરાસની દ્રષ્ટીએ જોઈતો સૌથી વધુ પુરાંતો દક્ષિણ ગુજરાતની પંચાયતોમાં 846527.99 રૂપિય જોવા મળે છે, ઉતર ગુજરાતની પંચાયતોમાં 784882.88 રૂપિયા જેટલી છે, સોરાષ્ટ્રની પંચાયતો અન્ય વિસ્તારની પંચાયતો કરતાં પુરાંત ઓછી જોવા મળે છે, સામાન્ય રીતે માનવામાં આવે છે કે પંચાયતની આવકો મર્યાદિત હોય છે, જે તેમના ખર્ચને પહોંચી વળવામાં અસમર્થ જણાય છે. પ્રસ્તુત આંકડા જે ચિત્ર જણાવે છે તે તેથી વિરુદ્ધ છે. પરંતુ ઝીણવટથી અભ્યાસ કરતા આ આંકડા પણ એ જ બાબતને પુષ્ટિ અપાનાર છે. અભ્યાસમાં જે ચોખ્ખી આવક જણાય છે તે આવક સરકારી ગ્રાન્ટની છે. સરકારે જે આવાસ યોજનાઓ હેઠળ સહાય કરી છે તેના નાણા વપરાયા વગરના રહ્યા છે, કારણકે આ આવક જ સહાય મેળવનાર જે તે વ્યક્તિના પોતાના ખાતામાં જમા થાય છે. જેની પંચાયતો પાસે માત્ર આંકડાકીય વિગતો જ હોય છે. તે સહાયનો કેટલો વપરાશ થયો તે વિગતો પંચાયત પાસે હોતી નથી ઉપરાંત ક્યારેક એવું પણ બનવાની શક્યતા છે કે કોઈ કામ માટે ટેન્ડર પાસ થયું હોય પણ તે કામ બાકી હોવાથી તેની ચૂકવણી ન થવા પામી હોય. ઉદાહરણ તરીકે રસ્તાનું કામ ગ્રાન્ટ આવી ગઈ હોય પરંતુ કામ ના થયું હોય તો તે વપરાયા વગરની પડી રહે.

**ઉપસંહાર**

ગ્રામ પંચાયતોના આર્થિક અભ્યાસમાં એ જણાય છે,કે ગુજરાતની મોટા ભાગની પંચાયતોના પ્રશ્નનો લગભગ એક સમાન છે, તલાટીના કાર્યબોજના પ્રમાણમાં ઉત્તરોત્તર વધારો, તલાટીની ખાલી પડતી જગ્યાઓ વગેરે. દરેક પ્રદેશિક વિભાગની પંચાયતોની તપાસ કર્યા બાદ જોઈ જોઈ સકાયું છે,કે દક્ષિણ ગુજરાતની પંચાયતો આર્થિક રીતે ઘણી પાછળ છે,આ વિસ્તારની પંચાયતો પોતાનું ભંડોળ ઉભું કરવામાં તથા આવેલ ગ્રાંટનો ખર્ચ કરવામાં ઘણી જ પાછળ છે.આ પંચાયતો અન્ય જેવીકે ઉતર ગુજરાતની અને મધ્ય ગુજરાતની પંચાયતો કરતાં આર્થિક રીતે પાછળ છે.

**અભ્યાસ દરમિયાન મુલાકાત લીધેલ ગ્રામ પંચાયતોની યાદી**

| | જીલાનું નામ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|
| મધ્ય ગુજરાત | અમદાવાદ | બરવાળા | ખડસલીયા, વહિયા |
| | | ધોળકા | આંબલીયારા , ભેટાવાડા |
| | આણંદ | ખંભાત | તામસા, ગોલાણા |
| | | આણંદ | લાંભવેલ, હડગુડ |
| | ખેડા | નડિયાદ | દેગામ, મિત્રાલ |
| | | કઠલાલ | કુલ છત્રપુરા, ભરકુંડા |
| | ગાંધીનગર | માણસા | અમરાપુર , હરણારોડ |
| | | ગાંધીનગર | પાલજ, મહુન્દ્રા |
| | વડોદરા | કવાંટ | નાની ચીખલી , કરજવાંટ |
| | | વડોદરા | તતારપુર , આંકોડીયા |
| | પંચમહાલ | ઘોઘંબા | કલસર , ખરોડ |
| | | કાલોલ | ચલાલી, નેસડા |
| સોરાષ્ટ્ર | પોરબંદર | કુતિયાણા | થેપડા , પસવારી |
| | | પોરબંદર | મોઢવાડ, રાતડી |
| | ભાવનગર | ઘોઘા | તણસા વાવડી , લાકડીયા |
| | | ભાવનગર | વાવડી ,પલિયડ |
| | સુરેન્દ્રનગર | સાયલા | ખીંટલા , નાના હરણીયા |
| | | ધ્રાગંધ્રા | ગાળા , ભાદર |
| | રાજકોટ | જસદણ | ગોખલાણા, સોમલપર |
| | | રાજકોટ | કુસીયાદડ , સાટડા |
| | જામનગર | કલ્યાણપુર | જામપર, પટેલકા |
| | | જામનગર | ચાવડા , ખીમાણીયા |
| | અમરેલી | જાફરાબાદ | ખાલસા કંથારીયા, ભંડા |
| | | અમરેલી | રાવડા, બાબાપુર |
| | જૂનાગઢ | જૂનાગઢ | દેરવાણ, સુખપુર |
| | | ઉના | કાજરડી, વાઝડી |

| | | | |
|---|---|---|---|
| દક્ષિણ ગુજરાત | ડાંગ | આહવા | બંધપાડા, ઝાવડા |
| | નર્મદા | સાગબારા | ચિત્રા કેવડી , પાંચ પીપરી |
| | | નાંદોદ | અંક્તેશ્રર, આનોદ્રા |
| | દાહોદ | ધાનપુર | સજોઇ, સીંધવાલી |
| | | દાહોદ | નાની લછેલી, બોરખેડા |
| | સુરત | ઓલપાડ | ઉસરા , કીમામલી |
| | | ઉમરપાડા | ખોડમ્ભા , ચવડા |
| | ભરુચ | વાલિયા | નલધરી , સોળગામ |
| | | અંકલેશ્વર | સોંગપુર , ઉમરવાડા |
| | | વ્યારા | ડોલારા, મગરકુઈ |
| | તાપી | ઉચ્છલ | કુલ ઉમરાણ , છાપટો |
| | વલસાડ | વલસાડ | પાલાણ, ગુંદલાવ |
| | | કપરાડા | ચાવશાળા, સુથારપાડા |
| | નવસારી | વાંસદા | પાલગભાણ , કાવડેજ |
| | | નવસારી | મહુડી , બોરીયાચ |
| ઉતર ગુજરાત | મહેસાણા | સતલાસણ | કનોડિયા , ધારવાણીયા |
| | | વિજાપુર | કોલાવડા, તાતોસણ |
| | પાટણ | સાંતલપુર | વર્ણોસરી, ઝેકડા |
| | | પાટણ | બડીપુર , બોરસણ |
| | સાબરકાંઠા | ધનસુરા | રમાણા ,સિકા |
| | | હિંમતનગર | ગોરવડા, હાજીપુર |
| | બનાસકાંઠા | વાવ | ગોલગામ, દુડોસણ |
| | | પાલનપુર | સલા, લક્ષ્મણપુરા |
| કચ્છ | કચ્છ | રાપર | સુવાઈ, ધાબડા |
| | | ગાંધીધામ | શીણાપ, ગાલપાદર |

## સંદર્ભસૂચિ


I. Mahi Pal, 2000, 11th Finance Commission: Transforming Panchayats, EPW, December 9, 2000
II. GoI, MoRD, MoRD's website: rural.nic.in, accessed on 12/04/2012
III. Johnson, Craig, 2003, Decentralisation in India: Poverty, Politics and Panchayati Raj, Overseas Development Institute, www.odi.org.uk/resources/docs/2440.pdf, accessed on 15/04/2012

IV. Rajaraman, Indira, O P Bohra, and V S Rengthatan, 1996 Augmentation of Panchayat Resources, EPW, May 04, 1996
V. UNDP, undated, Decentralisation in India Challenges and Opportunities, UNDP, www.undp.org/.../india/, accessed on 15/04/2012
VI. Annamaliai, V. And D. Suresh. (ed.s) 2011. Resource Management and Village Panchayats. Kanishka Publishers, New Delhi.
VII. Panchayati Raj – a Historical Perspective. shodhganga.inflibnet.ac.in/bitstream, accessed on 30/05/2012
VIII. Chauhan, Ramesh. 2011. The Structure of Gram Panchayat In Ancient India. International Referred Research Journal, October, 2011. ISSN- 0974-2832, RNI-RAJBIL 2009/29954;VoL.III *Issue-33 www.ssmrae.com/.../eb5f22e9728a80c7828b56e11f5a0779, accessed on 20/04/2012
IX. Buch, Nirmala. 2012. Gram Sabha and Panchyati Raj. Social Action,Volume 62. www.isidelhi.org.in/saissues/sa112/nirmala.pd Accessed on 20/04/2012
X. ત્રિવેદી, વૈકુંઠલાલ. ૨૦૧૨. ગુજરાત જમીન મહેસૂલનો કાયદો. વેસ્ટર્ન લૉ હાઉસ. અમદાવાદ.
XI. વૈષ્ણવ, બિપિનચંદ્ર. ૨૦૦૭. પંચાયત નિયમો- ૧,૨,૩ અને ૪. નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ.
XII. વૈષ્ણવ, બિપિનચંદ્ર. ૧૯૯૫. પંચાયત પરિચય. નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ.
XIII. પાઠક, બંસીધર. ૧૯૯૧. પંચાયત માર્ગદર્શિકા. પંચાયત પદાધિકારી તાલીમ કેન્દ્ર. સેક્ટર ૧૭. ગાંધીનગર.
XIV. ‘સરપંચ’ જુલાઈ-ડીસેમ્બર, ૨૦૧૧.
XV. ગ્રંથાલય, પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર, સાદરા. ગૂજરાત વિદ્યાપીઠ. ગાંધીનગર
XVI. ગઢવી, શિવદાસ અને ગીતા શાહ. ૨૦૦૮. ગ્રામમિત્ર પથદર્શિકા. ગુર્જર સાહિત્ય પ્રકાશન. અમદાવાદ.
XVII. પટેલ, કે. બી. ૨૦૦૬. ગ્રામ પંચાયત વહીવટ. વિશ્વાસ પબ્લીકેશન. અમદાવાદ.
XVIII. વડેરા, શ્રીકાન્ત અને બીપીનચંદ્ર વૈષ્ણવ. ૨૦૦૭. સરકારી અને પંચાયત જમીન મિલકતના દબાણ. નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ

**************************************************************************************

ડૉ.પ્રવીણકુમાર.પી. રાઠોડ
અર્થશાસ્ત્ર વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ

Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat